

એએફએસ અંતર્ગત સ્ટુડન્ટ એક્ષચેન્જ કાર્યક્રમ અંતર્ગત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ શાળામાં અભ્યાસ કરતાં (અને અમેરિકામાં વસતા) ડેનીયલ હેસીસ અને એલેસાન્ડ્રો જીનોની (ઈટાલી) એ રાખડી બંધાવી રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ભાઈને રાખડી બાંધવા પિયર આવતી બહેનનો કાળ ભરખી ગયો...!

## અમદાવાદથી પતિ પત્નિ બાઈક લઈને માણસા આવી રહ્યા હતા ત્યારે ઉવારસદ રોડ પર કાર ચાલકે ટકકર મારતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૧૦

અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારથી બહેન તેણીના પિયર માણસા ખાતે ભાઈને રાખડી બાંધવા માટે પતિ સાથે બાઈક પર આવી રહી હતી તે દરમિયાન ઉવારસદ વાવોલ રોડ પર બેફામ ગતિએ ઓવરટેક કરવા ગયેલી એસેન્ટ કારના ચાલકે બાઈકનો અડફેટે લઈ લેતા રક્ષાબંધનના દિવસે જ ભાઈને રાખડી બાંધવા જઈ રહેલી બહેનને કાળ ભરખી ગયો હતો. ગંભીર ઈજાઓને કારણે તેણીનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે એસેન્ટ કારના ચાલક સામે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આરોપી ડ્રાઈવરની શોધખોળ શરુ કરી છે.

અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા ચિંતનકુમાર અતુલભાઈ મકવાણાના લગ્ન ગાંધીનગર જિલ્લાના માણસા વિસ્તારની યુવતી સંગીતા સાથે થયા હતાં. આજે રક્ષાબંધન પર્વને પગલે ચિંતનકુમાર તેમની પત્નિ સંગીતાને પિયર માણસા ખાતે ભાઈને રાખડી બાંધવા માટે બાઈક પર લઈને આવી રહ્યા હતા ઉવારસદ-વાવોલ માર્ગ પર પતિ પત્નિ બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે એક ટ્રકની ઓવરટેક કરવા એસન્ટ કાર નં. જીજ ૮ એફ ૮૧૩૬નો ચાલક બેફામ ગતિએ પસાર થયો અને તે દરમિયાન એસેન્ટના ચાલકે બાઈકને ટકકર માતા પતિ પત્નિ ફંગોળાઈને રોડ પર પટકાયા હતાં. આ અકસ્માત બાદ કાર મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો જયારે સંગીતાને ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જયાં સારવારમાં તેણીનું કરુણ મોત નિપજયું હતું. સે-૭ પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરીને પીએસઆઈ જી.કે. પરમારે વધુ તપાસ શરુ કરી છે.

# છરીની અણીએ લુંટ ચલાવતો શખ્સ એલસીબીના હાથે ઝડપાયો

## બે મહિના પહેલા આર વર્લ્ડ-અડાલજ પાસે ધોળે દિવસે રૂ. ૨૭ હજાર રોકડાની લુંટ કરી હતી : ગાંધીનગર, અડાલજ, કલોલ, કડી અને નંદાસણમાં ચોરી-લુંટના ૨૧ ગુના આચર્યા છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર, અડાલજ, કલોલ, કડી અને નંદાસણ વિસ્તારમાં છરીની અણીએ લુંટ ચલાવનાર રીઢો શખ્સ ગાંધીનગર એલસીબીની ટીમના સકંજામાં આવી ગયો છે. ચોરી અને લુંટના ૨૧ જેટલા ગુનાઓ આચરનાર કડી તાલુકાના લુણાસણ વિસ્તારના શખ્સે બે મહિના પહેલા જ આર વર્લ્ડ અડાલજ પાસેથી ચપ્પુ બતાવીને ધોળે દિવસે એક મોબાઈલ અને રૂ. ૨૭ હજાર રોકડાની લુંટ ચલાવી હતી. પોલીસે અડાલજની મહારાજ હોટલ પાસેથી આ શખ્સને દબોચી લીધો છે. અને તેની ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ રક્ષાબંધન પર્વને પગલે જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે બે માસ અગાઉ અડાલજ-મહેસાણા હાઈવે પર આર-વર્લ્ડ સામે પ્રભા હનુમાન મંદિર પાસે રોડ ઉપર થયેલી લુંટનો આરોપી અડાલજની મહારાજ હોટલ પાસે ઉભો છે તેને આધારે મહેસાણાના કડી તાલુકાના લુણાસણ વિસ્તારના શખ્સ મહેન્દ્ર બાબુ સેનમાની આધાર પુરાવા વગરના ચાર મોબાઈલ અને રોકડ રકમ સાથે એલસીબીની ટીમે તેને પકડી પાડયો છે.

બે મહિના પહેલા આર વર્લ્ડ પાસે ધોળે દિવસે બે વ્યકિતઓને છરી બતાવીને ધમકાવી રૂ. ૨૭ હજાર તથા મોબાઈલની લુંટ આ શખ્સે ચલાવી હતી જે અંગે અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો તેની ધરપકડ કરી ઊંડી પુછપરછ કરતાં અગાઉ ગાંધીનગર, અડાલજ, કડી, કલોલ, નંદાસણ વિસ્તારમાં લોકોને ચપ્પુ બતાવીને ચોરી તથા લુંટના ૨૧ ગુના આચર્યા હોવાનું ખુલ્યું છે. જે પૈકી છ ગુનામાં તો તે પકડાઈ ચુકયો છે. એલસીબીએ તેની સઘન પુછતાછ શરુ કરી છે.



રક્ષાબંધન ભાઈ-બહેનનાં પવિત્ર સંબંધનો તહેવાર છે. એમા ન તો ધર્મ કે નાત જાતનાં બંધન હોઈ શકે. તેનું ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરમાં ગઈ કાલે જોવા મળ્યું. સેકટર-૩-સી પ્લોટ નં. ૧૪૭૬માં રહેતા જીજ્ઞાબેન સુથાર છેલ્લા ૩૦ વર્ષથી અમદાવાદ રહેતા અને સેલ્સ ટેક્ષ વિભાગમાં ફરજ બજાવતા સઈદ શેખને રાખડી બાંધે છે. આ વર્ષે પણ હિન્દુ બહેને પોતાનાં મુસ્લિમભાઈને રાખડી બાંધી ત્યારે અત્યંત ભાવુક થઈ ગયા હતા. આજ સાચી માનવતા અને પવિત્ર તહેવારનું ઘરેણું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે રજનીકાન્ત એસ. ઓઝા એ-૪ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪, સરગાસણ ચોકડી પાસે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે હસમુખભાઈ જોષી ૧૩, તેજસ સોસાયટી ખાતે યોજાશે.
- શ્રી શિવ શકિત શિવ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯-૦૦ વાગે સંજયભાઈ પંડયા ૧૪૨/૫, બી-૧ ટાઈપ કડી સંકુલ ગેટ નં.૪ સામે યોજવામાં આવશે.
- શ્રી બાજખેડાવાળ મંડળ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત અને વિષ્ણુ સહસ્ત્ર પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે શ્રીમતિ રૂપલબેન હેમંતભાઈ શેલત ૬૯૦/૨ ઘ-ટાઈપ સેકટર-૮ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં શિવજીની જાનનો પ્રસંગ અને મોતી તથા જરીના હિંડોળા ઝુલાવવામાં આવશે ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## ઉનાવાના આધેડ ઉધઈ મારવાની દવા પી જતાં ગંભીર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીકના ઉનાવા ગામમાં રહેતા ૪૩ વર્ષીય સેંધાજી પ્રતાપજી ઠાકોરે કોઈ અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં ઉધઈ મારવાની દવા ગટગટાવી લીધી હતી. તરફડીયા મારી રહેલા સેંધાજીને ગામના જ યુવાન મુકેશજી ઠાકોર જોઈ જતાં તાત્કાલીક બાઈક પર ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ આવ્યા હતાં. ગંભીર હાલતમાં સારવાર અર્થેલવાયેલા સેંધાજી હોસ્પિટલમાંજીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

# મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી

## આર.જી. અને એસ.બી. પટેલ શાળા દ્વારા ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજયની મહિલાઓ સશકત અને પ્રભાવશાળી વ્યકિતત્વ કેળવે તે માટે રાજય સરકાર દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાની ૫૦૦ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બી.એડ. કોલેજના હોલમાં યોજાયેલ કાર્યક્રમમાં ૫૦૦થી વધારે વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

મહિલા ઉજવણી કાર્યક્રમમાં શિક્ષણાધિકારી એસ.એમ. બારડે જણાવ્યું હતું કે મહિલાઓ પગભર બને, આત્મવિશ્વાસ કેળવી સશકત અને પ્રભાવશાળી બને. ધવલભાઈએ સોફટવેર શું છે તેની મહિતી આપી હતી. સોફટવેરને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે સરખાવી હતી. ટેકનોલોજીનેકંટ્રોલ કરનાર મશીનરીને સોફટવેર કહે છે.

ક્ષમાબેને નોકરી દરમિયાન જાતીય સતામણીના સંજોગોમાં કયાં અને કેવી ફરિયાદ કરવી જોઈએ તેની માહિતી આપી હતી. મલીકભાઈએ મહિલાઓને સ્વરક્ષણ માટે પર્સમાં નાનુ હથિયાર રાખવા પણ જણાવ્યું હતું. પોતાની જાતને કેવી રીતે બચાવવી તેની વિસ્તારપૂર્વક સમજણ આપી હતી.

મહિલા દિવસની ઉજવણીના સમાપન માં શાળાના આચાર્ય સુધાબેને વિદ્યાર્થીનીઓને જાગ્રત કરવા બદલ મહેમાનોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ-૧૨ની વિદ્યાર્થીની ઉર્જા શાહ અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીની મિત્તલ જયસ્વાલે કર્યું હતું. સંકલન દિલહરબા, મનુભાઈ અને રમેશભાઈએ કર્યું હતું.



## દર્દીઓના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી

શ્રી હરસિધ્ધ કૃપા મિશન મંગલમ્ યોજના મંડળ અને સદભાવના સખી મંડળની બહેનોએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દર્દીઓને રક્ષાબંધન નિમિત્તે રાખડી બાંધી દર્દીઓનું સ્વાસ્થ્ય ઝડપથી સુધરે તેની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે વોર્ડ નં.૫ના કોર્પોરેટર શ્રીમતી પરાગીબેન પંડયા પણ જોડાયા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ડૉ. કેશુભાઈ દેસાઈનું વ્યાખ્યાન યોજાયું

અમદાવાદ, તા.૧૦

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત રાષ્ટ્રીય કેળવણીની વિશ્વ વિખ્યાત સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠના ઈતિહાસ વિભાગના ઉપક્રમે અહિંસા શોધ ભવનના સભાગૃહમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈનું ‘ઈતિહાસ અને સાહિત્ય’ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. તા. ૭ ઓગષ્ટના રોજ યોજાયેલ આ પ્રશિષ્ટ શ્રેણીના વ્યાખ્યાનમાં ડો. દેસાઈએ ગુજરાતી, હિંદી અને અંગ્રેજી સાહિત્યની અનેક કૃતિઓ ઈતિહાસની ઘટનાઓ પર આધારિત હોવાનાં અનેક ઉદાહરણ રજૂ કરી સળંગ બે કલાક સુધી શ્રોતાજનોને તરબોળ કરી દીધા હતા. ઈતિહાસ ફકત રાજા રજવાડાંનો જ ન હોવો જોઈએ બલકે એમાં પ્રજાની આશા-નિરાશા, આકાંક્ષા અને સુખ દુઃખનું સરવૈયું મંડાવું જોઈએ એમ જણાવી ડૉ.કેશુભાઈ દેસાઈએ વિશેષ પણે મૈથિલીશરણ ગુપ્ત, કનૈયાલાલ મુનશી, રઘુવીર ચૌધરી તથા એમની પોતાની કૃતિઓમાં રહેલ ઐતિહાસિક તત્વ અને માનવીય મૂલ્યોની છણાવટ કરી હતી. દર્શકને એમણે ઈતિહાસનો ભરપૂર વિનિયોગ કરનારા મૂઠી ઊંચેરા સર્જક લેખાવ્યા હતા. વ્યાખ્યાન દરમિયાન વકતાનો વિશિષ્ટ પરિચયવિધિ અને સ્વાગત મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલયના આચાર્યશ્રી કનુભાઈ નાયક તથા ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. મહેબૂબ દેસાઈએ કર્યું હતું. ડૉ. મહેબૂબ દેસાઈએ ગૂજરાત વિદ્યાપીઠ વતી ડૉ. કેશુભાઈ દેસાઈના વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન બદલ આભાર માન્યો હતો. ઈતિહાસ અને ગુજરાતી વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થીઓ ઉપરાંત આ વ્યાખ્યાનમાં ગુજરાતી અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષ અને જાણીતા કવયિત્રી ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય સહિત અનેક પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતાં.

# સે.૮માં અંબાજી માતાનો આઠમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

સેક્ટર-૮માં આવેલ અંબાજી મંદિરનો આઠમો પાટોત્સવ યોજવામાં આવશે. આગામી તા.૧૨ ઓગસ્ટ, મંગળવારે પાટોત્સવ યોજાશે.

શહેરના સેક્ટર-૮માં જળેશ્વર મહાદેવ મંદિર, અંબિકા ચોકમાં આવેલ અંબાજી માતાનો આઠમો પાટોત્સવ ધામધૂમ પૂર્વક યોજવામાં આવનાર છે. શ્રાવણ વદ બીજના પવિત્ર દિવસે કાર્યક્રમ યોજાશે જેમાં સવારે ૯ વાગે યજ્ઞનો પ્રારંભ થશે. બપોરે ૨ વાગ્યે માતાજીની મધપૂજા (રજોપચાર વિધિ) સાંજે ૫ વાગ્યે નવચંડી યજ્ઞમાં શ્રીફળ હોમાશે. ત્યારબાદ ૫-૩૦ કલાકે યજ્ઞની પુર્ણાહુતિ અને પ્રસાદ લેવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં યજમાન પદે બેસવા માટે નામ નોંધણી ચાલુ છે. તેમજ ધાર્મિક પ્રસંગમાં ઉદાર હાથે દાન આપવા પણ જણાવવામાં આવ્યું છે. સર્વે નગરજનોને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા ઉપસ્થિત રહેવા જણાવાયું છે.





## સે-૨૮ બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨૮, ગાંધીનગર દ્વારા મહાનગર પાલિકા ગાંધીનગર ખાતે મેયર, ડે. મેયર કોર્પોરેટરો, અધિકારી અને સ્ટાફ માટે રક્ષાબંધનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત તમામને રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય સમજાવી વિશ્વની સર્વ આત્માઓના સાચા રક્ષક તો નિરાકાર પરમપિતા શિવપરમાત્માની યાદમાં આત્માસ્મૃતિનું તિલક કરી, ઈશ્વરીય શકિત અને વરદાનોથી ભરપૂર રાખડી બાંધવામાં આવેલ અને આ પ્રસંગે મુખ મીઠું કરાવી જીવનમાં રહેલ વ્યસનો, બુરાઈઓ અને ખામીઓને દુર કરવા માટે દઢ સંકલ્પ પત્ર પણ ભરાવવામાં આવેલ. મેયરને બ્રહ્માકુમારીઝના કૈલાસદીદીએ રાખડી બાંધી આશીર્વાદ આપ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૫

સૂર્યાસ્ત : ૭.૧૫

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૨.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

જીગર ઠંડા (તમીલ) : ૭.૦૦

કીક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીક :૧૦.૦૦,

એન્ટરટેઈન્મેન્ટ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

કીક : ૧૨.૦૦, ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૦૦, ૯.૦૦

### ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ વદ એકમ , તા. ૧૧-૮-૨૦૧૪, સોમવારના રોજ સુરંગના હિડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. તખુબા પ્રતાપસિંહ ચૌહાણ (ઉ.વ.૬૮) મુ. આદિવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ.મંગાજી કલ્યાણજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. નવઘણભાઈ હરગોનભાઈ ઓડ (ઉ.વ.૪૨) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિદ્યાવતી શર્મા (ઉ.વ.૪૨) પ્લોટ નં. ૨૭૭, સેક્ટર-૧સી, ગાંધીનગર.
- શંકરભાઈ ધૂળાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર.